ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# દાહોદ (ગુજરાત) જીલ્લાની આદિવાસી વસ્તીના સામાજિક – આર્થિક સ્તરનો અભ્યાસ

## A Study of Socio -economic Status of Tribal population of Dahod District- Gujarat

Mr. Rajeshkumar M. Damor

Assistant Professor,
Dept. of Geography, Gujarat University, Ahmedabad, Gujarat (India)

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

**પ્રસ્તાવના**

સામાજિક આર્થિક સ્થિતિને કોઈ વ્યક્તિ કે સમાજની સામાજિક અને આર્થિક સંયુક્ત સ્થિતિ જાણવાના માપદંડ તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક – આર્થિક સ્થિતિનું માપદંડ ત્રણ મુખ્ય બાબતો શિક્ષણ, વ્યવસાય અને આવક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. (Willey online library) પ્રસ્તુત પ્રપત્રનો મુખ્ય હેતુ ગુજરાતના દાહોદ જીલ્લાની આદિવાસી વસ્તીનું અન્ય વસ્તીની સરખામણીમાં સામાજિક આર્થિક સ્તર શું છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગુજરાત ભારતમાં ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટીએ છઠ્ઠો ક્રમ ધરાવે છે, તેમજ 6.4 કરોડ વસ્તીની સાથે નવમુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં 42.6% વસ્તી શહેરોમાં અને 57.4% વસ્તી ગામડાઓમાં વસવાટ કરે છે. જયારે ગુજરાતની કુલ વસ્તીમાં 14.8% વસ્તી આદિવાસી વસ્તી છે. ગુજરાતની આદિવાસી વસ્તીનો મોટોભાગ ગ્રામીણ ક્ષેત્રોમાં વસે છે. ગુજરાતમાં આદિવાસી વસ્તીમાં ભીલ આદિવાસી જાતિની બહુમતી વધારે છે. ભીલ જાતિની સૌથી વધુ વસ્તી દાહોદ જીલ્લામાં છે. દાહોદ ગુજરાત રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના 1.86% વિસ્તાર ધરાવે છે. ઈ.સં. 2011 વસ્તી ગણતરી મુજબ 21,27,086 વસ્તી ધરાવે છે. ગુજરાતની કુલ વસ્તીના 3.5 ટકા વસ્તી અહી વસવાટ કરે છે. દાહોદ જીલ્લો ગુજરાત રાજ્યની કુલ આદિવાસી વસ્તીના 17.7 ટકા આદિવાસી વસ્તી ધરાવે છે, જે ગુજરાતના અન્ય જીલ્લા કરતા વધારે છે. દાહોદ જીલ્લામાં કુલ વસ્તીના 74.3% આદિવાસી વસ્તી વસવાટ કરે છે. આ અધ્યયનમાં ત્રણ વિભાગો છે. પ્રથમ વિભાગમાં આદિવાસી વસ્તીમાં શિક્ષણ, દ્વિતીય વિભાગમાં આદિવાસી વસ્તીનો વ્યવસાય અને તૃતીય વિભાગમાં આવકના સ્રોતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.


**હેતુઓ અને કાર્ય પદ્ધતિ**

કોઈ પણ કાર્ય હેતુ વગર સિદ્ધ થતું નથી, તેમ સંશોધન કરવા માટે પણ કેટલાક હેતુઓ હોય છે. હેતુ વગરનું સંશોધન હોતું નથી. પ્રસ્તુત અભ્યાસ દાહોદની આદિવાસી વસ્તીના સામાજિક- આર્થિક સ્તરના અભ્યાસનો છે. આ અભ્યાસની પુષ્ટિ માટે દાહોદ જીલ્લાની જીલ્લાનો સામાજિક- આર્થિક સ્તર જાણવો અને ગુજરાત તથા દાહોદ જીલ્લાની વસ્તી સાથે તેની તુલના કરવાના હેતુઓ રાખવામાં આવ્યા છે. અભ્યાસ ક્ષેત્રની પસંદગી કરવા માટે બહુ સ્તરીત નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દાહોદ જીલ્લાની આદિવસી વસ્તીની કેટલીક સામાજિક, આર્થિક, ભૌગોલિક બાબતો જેવી કે ખેતી હેઠળનો વિસ્તાર, ખેત મજૂરોનું પ્રમાણ, અનુસૂચિત અન જાતિની વસ્તી અને સાક્ષરતા વગેરેને ધ્યાનમાં રાખીને તાલુકા પ્રમાણે કોટી ક્રમ નક્કી કરવામાં આવ્યા. દરેક તાલુકાના કુલ કોટી ક્રમના સરવાળાને ધ્યાનમાં રાખીને તેને ત્રણ શ્રેણીમાં વિભાજીત કરવામાં આવ્યા. દરેક શ્રેણીમાંથી એક-એક તાલુકો પસંદ કરવામાં આવ્યો. પસંદ કરેલા દરેક તાલુકાઓમાંથી વસ્તીના કદના આધારે ગામડાઓને 5 શ્રેણીમાં વિભાજીત કરીને દરેક શ્રેણીના ગામમાંથી એક ગામ પસંદ કરવામાં આવ્યું છે. આમ કુલ ત્રણ તાલુકામાંથી 5-5 ગામ વસ્તીના કદ પ્રમાણે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ઝાલોદ તાલુકાના ટીમાચી, ચાકલીયા, રળિયાતી ભૂરા, શારદા અને આંબા, દાહોદ તાલુકામાંથી ખરોદા, ખરોડ, ખુંટ ખેડા, છાપરી, વાંદરીયા અને ગરબાડા તાલુકામાંથી નેલસુર, દાદુર, ઝરી બુઝર્ગ અને સીમલીયા બુઝર્ગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ માટે કાર્ટોગ્રાફિક, પ્રશ્નાવલી, આંક્ડાશાસ્ત્રીય પદ્ધતિઓ, તુલનાત્મક પદ્ધતિ તથા ભૌગોલોક માહિતી તંત્ર તકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**અભ્યાસ ક્ષેત્રનો ટૂંકમાં પરિચય**

દાહોદનો ઈતિહાસ ગુજરાત અને મળવામાં ફેલાયેલો છે ‘દાહોદ’ શબ્દ એ હિન્દી ભાષાના બે શબ્દોનો બનેલો છે. જેમાં ‘દો ‘એટલે બે અને ‘હદ’ એટલે (સરહદ ) આમ દાહોદ ‘દોહદ’ શબ્દ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ બે સરહદ એવો થાય છે. દાહોદ જીલ્લો બે પ્રદેશો (રાજસ્થાનનો વાગડ અને મધ્ય પ્રદેશનો માળવા)ની હદમાં આવેલો હોવાથી દાહોદ નામ પડ્યું છે.

**અભ્યાસ ક્ષેત્રનો નકશો**




દાહોદ જિલ્લાને ગુજરાત રાજ્યના 'ઉગતા સૂર્યનો જીલ્લો' તરીકે પણ ઓળખવામાં આવે છે, એટલે કે તે ગુજરાત રાજ્યની પૂર્વમાં આવેલો છે. તેની ઉત્તર સીમા રાજસ્થાન રાજ્યના બાંસવાડા જીલ્લા સાથે બંધાયેલ છે, જયારે પૂર્વ અને દક્ષિણ-પૂર્વમાં મધ્ય પ્રદેશ રાજ્યના અનુક્રમે ઝાબુઆ અને અલીરાજપુર જીલ્લોઓ આવેલ છે. દક્ષિણમાં ગુજરાતનો છોટા ઉદેપુર જીલ્લો અને પશ્ચિમમાં પંચમહાલ જીલ્લો અને ઉત્તર – પૂર્વમાં મહીસાગર જીલ્લો આવેલ છે. દાહોદ જીલ્લાનું અક્ષાશીય સ્થાન 22.30° ઉ અક્ષાંશ થી 23.20 ° ઉ અક્ષાંશ અને 73′47 ° પૂર્વ રેખાંશ થી 74′28° પૂર્વ રેખાંશ સુધી વિસ્તરેલ છે. આ જિલામાં પાનમ, અનાસ, કાળી, હડપ, ખાન, માછણ, ગોમા, ખરોડ વગેરે મુખ્ય નદીઓ છે. જીલ્લાના ભૂપૃષ્ઠનો ઢોળાવ ઉત્તર અને ઉત્તર- પશ્ચિમ તરફનો છે, ભૂપૃષ્ઠની દક્ષિણની ઉચ્ચ ભૂમિ પૂર્વ- પશ્ચિમ દિશામાં અને મધ્યવર્તી ઉચ્ચ ભૂમિ ઉત્તર -દક્ષિણ દિશામાં ફેલાયેલ છે. જયારે મધ્યવર્તી ઉચ્ચ ભૂમિની પૂર્વ- પશ્ચિમ દિશામાં મેદાની વિસ્તાર આવેલ છે. આ પ્રદેશની સરેરાશ ઉંચાઈ 400 મીટર સુધીની છે. પ્રદેશની મોટા ભાગની વસ્તી આદિવાસી અને હિંદુ ધર્મ પાળે છે. અહીના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ઋતુવાર સ્થળાંતર છે.

**વિભાગ 1 – શિક્ષણ**

શિક્ષણએ માનવ સંસાધનના વિકાસ માટે ખુબજ મહત્વનુ સાધન છે. શિક્ષણને સામાજિક-આર્થિક સ્તર માપવાનું માપદંડ ગણવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં વસ્તીના સામાજિક- આર્થિક સ્તર સમજવા માટે ગુજરાત, દાહોદ અને અભ્યાસ ક્ષેત્રની શિક્ષણની આંકડાકીય માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસ ક્ષેત્રનો સાક્ષરતા દર દાહોદ જીલ્લાના કુલ વસ્તી સાક્ષરતા દર 2001ની તુલનામાં 20.19 %નો તફાવત તથા ગુજરાતની સાક્ષરતા કરતા 40.06%નો તફાવત જોવા મળ્યો છે. જયારે 2011માં દાહોદમાં સામાન્ય વસ્તી સાક્ષરતાની

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

તુલનામાં 17.8 અને ગુજરાતની સાક્ષરતા કરતા 37%નો તફાવત છે. આમ અભ્યાસ ક્ષેત્ર અને જીલ્લા તથા રાજ્યની સાક્ષરતાના તફાવત 2001 થી લઈને 2011 સુધીમાં ઘટાડો થતો જોવા મળે છે. 2001 પછી વન બંધુ કલ્યાણ યોજના, સર્વ શિક્ષા અભિયાન, પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા કાર્યક્રમોની અસરને કારણે તફાવત ઓછો થતો જાય છે. તેમ છતાં 2011માં 15% કરતા વધુ તફાવત એટલે આદિવાસી વસ્તી શિક્ષણમાં હજી ઘણી પછાત કહી શકાય.

*કોષ્ટક 1 અભ્યાસ ક્ષેત્ર અને દાહોદ તથા ગુજરાતની સાક્ષરતા 2001- 2011*

| અભ્યાસ ક્ષેત્ર અને દાહોદ તથા ગુજરાતની સાક્ષરતા 2001- 2011 | | | |
|---|---|---|---|
| ક્રમ | સ્થળ | 2001 | 2011 |
| 1 | અભ્યાસ ક્ષેત્ર | 21.23% | 41.00% (2019) |
| 2 | દાહોદ | 41.42% | 58.8% |
| 3 | ગુજરાત | 61.29% | 78% |
| સ્રોત | ક્ષેત્ર કાર્ય અને અર્થશાસ્ત્ર અને આંકડા નિયામકશ્રીની કચેરી ગાંધીનગર | | |

**વિભાગ – 2 વ્યવસાય**

રોજગારી મેળવવા કરવામાં આવતી ઉત્પાદક આર્થિક પ્રવૃતિને વ્યવસાય કહે છે. માનવી વિવિધ પ્રકારની આર્થિક પ્રવૃતિઓ કરીને પોતાનો જીવન નિર્વાહ કરે છે. પ્રદેશની વસ્તી કયા પ્રકારનો અને કેવો વ્યવસાય કરે છે તેના આધારે તેનું વિકાસનું સ્તર નક્કી થતું હોય છે. માનવ વસ્તીનો મોટો ભાગ પ્રાથમિક આર્થિક પ્રવૃતિઓ જેવી કે પરંપરાગત ખેતી, શિકાર, માછલા પકડવા વગેરે સાથે જોડાયેલ હોય તો તે વસ્તીનો વિકાસ અલ્પ પ્રમાણમાં થયેલો ગણાય છે. પરંતુ દ્વિતીય અને તૃતીય આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ વસ્તી વધુ વિકસિત હોય છે. નીચે દર્શાવેલ ટેબલ પરથી ખ્યાલ આવે છે કે અભ્યાસ ક્ષેત્રની આદિવાસી વસ્તીમાં 64.1% વસ્તી પ્રાથમિક આર્થિક પ્રવૃતિના ભાગરૂપ ખેતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. જ્યારે દાહોદ જીલ્લામાં 80% કરતા વધુ વસ્તી ખેતી અને ખેત મજૂરીનો વ્યવસાય કરે છે. પરંતુ જીલ્લાની વસ્તી ગૃહ ઉદ્યોગ અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલ છે. જ્યારે ગુજરાતની મોટાભાગની વસ્તી દ્વિતીય અને તૃતીય આર્થિક પ્રવૃતિમાં એટલે કે 54.62 % વસ્તી બિન ખેતીકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે. આમ ગુજરાતની વસ્તી માત્ર 22.08 % વસ્તી ખેત મજુર છે. ગુજરાતમાં ખેતીકીય અને બિન ખેતીકીય પ્રવૃતિમાં 4 થી 5% નો તફાવત છે. જયારે અભ્યાસ ક્ષેત્રમાં 28.2 %નો તફાવત જોવા મળ્યો છે. પરંતુ સૌથી મોટો

તફાવત દાહોદ જીલ્લામાં છે. દાહોદ જીલ્લાની વસ્તી ખેતી પ્રવુતિ પર વધુ માત્રામાં કેન્દ્રિત થયેલી છે.

*કોષ્ટક 2 વ્યાવસયિક બંધારણ*

| દાહોદ જીલ્લાની આદિવાસી વસ્તીનું વ્યાસાયિક બંધારણ (%) | | | | |
|---|---|---|---|---|
| વિસ્તાર | ખેડૂતો | ખેત મજુર | ગૃહ ઉધોગ | અન્ય |
| અભ્યાસ ક્ષેત્ર | 59.1 | 5.0 | 0.0 | 35.9 |
| દાહોદ જીલ્લો | 38.90 | 43.90 | 0.88 | 16.32 |
| ગુજરાત | 23.30 | 22.08 | 1.23 | 53.39 |
| સ્રોત | ક્ષેત્ર કાર્ય અને ભારતની વસ્તી ગણતરી 2011 | | | |

**વિભાગ 3 – આવકના સ્રોતો અને આવક**

વિભાગ 2માં જણાવ્યા પ્રમાણે અભ્યાસ ક્ષેત્રના વ્યવસાયો ખેતી, ખેતમજુરી અને અન્ય પ્રવુંતીઓ જેવી કે બાંધકામ મજુરી, વતનના સ્થળે મજુરી, સરકારી અને ખાનગી નોકરી વગેરે છે. આ બધા ક્ષેત્રોમાંથી વધતા ઓછા પ્રમાણમાં આવક પ્રાપ્ત થઇ છે. નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ આદિવાસી વસ્તી ખેતી પ્રવૃતિમાંથી 92.8% ઉત્તરદાતા 25000 કરતા ઓછી આવક મેળવે છે અને 7.2 ટકા ઉત્તરદાતા 25000 કરતા વધુ આવક પ્રાપ્ત કરે છે. ઉત્તરદાતા 25000 કરતા વધુ આવક પ્રાપ્ત કરે છે. સ્થળાંતર કરીને પ્રાપ્ત કરેલ આવક મેળવનારા ઉત્તરદાતાઓમાં 51.77 ટકા ઉત્તરદાતા 50 - 75,000ની આવક મેળવે છે. જયારે 25.77 ટકા ઉત્તરદાતા 25-50000 સુધીની આવક સ્થળાંતર કરીને મેળવે છે અને 22.5% મહીતીદાતા 25 000 કરતા ઓછી આવક સ્થળાંતર દરમિયાન મેળવે છે. વતનના સ્થળે સ્થળાંતર કરીને આવક મેળવતા ઉત્તરાદાતામાંથી 33.1% માહિતીદાતા 25,000 કરતા ઓછી આવક અને 43.7% માહિતીદાતા 25-50000 સુધીની આવક મેળવે છે એટલે કે 76.8 ટકા ઉત્તરદાતા 50, 000 સુધીની આવક વતનના સ્થળેથી પ્રાપ્ત કરે છે. વન્ય ચીજવસ્તુમાંથી આવક મેળવનારા ઉત્તરદાતાઓ માંથી 90.9 ટકા ઉત્તરદાતા માત્ર 10000 કરતા ઓછી આવક મેળવે છે અને માત્ર 9.1 ટકા માહિતીદાતા 10000 કરતા વધુ આવક મેળવે છે. આમ નીચે દર્શાવેલ કોષ્ટક પરથી જણાય છે કે અભ્યાસ ક્ષેત્રના આવકના સ્રોતો ખેતી, સ્થળાંતર અને વતનના સ્થળે સ્થળાંતર વગેરે છે. અભ્યાસ ક્ષેત્રનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પરંતુ ખેતીમાંથી માત્ર 25000 જેટલી જ આવક પ્રાપ્ત થઇ છે. સૌથી વધારે આવક 50-75000 સ્થળાંતરમાંથી થાય છે. વન્ય એકત્રીકરણ અને દૂધમાંથી આવક બહુ ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થઇ છે . આમ અભ્યાસ ક્ષેત્રમાં આવક માટેના સ્રોતો માર્યાદિત પ્રમાણમાં છે. આ ક્ષેત્રમાં આવકના સ્રોતોની વિવિધતા વધારવા માટે પ્રદેશમાં ઉપલબ્ધ સંસાધનો આધારે રોજગરોની તકો પૂરી પાડવાની જરૂરિયાત છે.

***કોષ્ટક 3 અભ્યાસ ક્ષેત્રની આવકના સ્રોતો દર્શાવતું કોષ્ટક***

| ખેતીમાંથી પ્રાપ્ત થતી આવક | | | | સ્થળાંતરથી પ્રાપ્ત આવક | | | વતનના સ્થળેથી પ્રાપ્ત આવક | | | વન્ય ચીજથી આવક | | દૂધમાંથી આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ગામનું નામ | <25 k (%) | 25 k> (%) | <25 k (%) | 25-50k (%) | 50-75k (%) | <25 k (%) | 25-50k (%) | 50 > (%) | <10 k (%) | 10k> (%) | 1k (%) |
| 1 | ટીમાચી | 92 | 8 | 20 | 12 | 64 | 0.79 | 3.15 | 0.79 | 2.29 | 0 | 0 |
| 2 | શારદા | 100 | 0 | 8 | 40 | 30 | 1.57 | 0.79 | 1.18 | 2.86 | 0 | 0 |
| 3 | રળિયાતી ભૂરા | 94 | 6 | 20 | 28 | 24 | 0.39 | 0 | 0 | 8 | 0.57 | 0.29 |
| 4 | આંબા | 100 | 0 | 0 | 24 | 60 | 0.79 | 5.12 | 1.57 | 4 | 0 | 0 |
| 5 | ચાકલીયા | 94 | 6 | 12 | 24 | 42 | 2.76 | 0.39 | 0.79 | 4 | 0 | 0 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | ખુટખેડા | 94 | 6 | 4 | 4 | 80 | 0.79 | 12.6 | 2.76 | 6.86 | 0 | 0 |
| 7 | વાંદરીયા | 100 | 0 | 0 | 8 | 0 | 1.97 | 5.91 | 5.91 | 26.3 | 0 | 0.14 |
| 8 | ખરોડ | 92 | 8 | 12 | 16 | 18 | 6.3 | 4.33 | 0.39 | 0.57 | 0 | 0 |
| 9 | છાપરી | 94 | 6 | 14 | 0 | 8 | 1.18 | 3.94 | 5.91 | 0 | 0 | 0.4 |
| 10 | ખરોદા | 84 | 16 | 2 | 20 | 66 | 1.57 | 1.97 | 0.79 | 17.1 | 0.57 | 0 |
| 11 | દાદુર | 92 | 8 | 24 | 0 | 38 | 2.76 | 0 | 0 | 13.7 | 4.57 | 0.29 |
| 12 | નેલસુર | 100 | 0 | 16 | 8 | 0 | 1.97 | 1.97 | 3.15 | 0 | 0 | 0 |
| 13 | સીમલીયા બુઝૂર્ગ | 74 | 26 | 20 | 10 | 8 | 6.69 | 1.97 | 0 | 2.29 | 0 | 0 |
| 14 | ઝરી બુઝુર્ગ | 90 | 10 | 38 | 24 | 0 | 3.54 | 1.57 | 0 | 2.86 | 3.43 | 0 |
| 15 | કુલ (%) | 92.8 | 7.1 | 22.5 | 25.77 | 51.7 | 33.1 | 43.7 | 23.2 | 90.9 | 9.14 | 1.14 |
| સ્રોત | ક્ષેત્ર કાર્ય | | | | | | | | | | | |

**આવક (રૂ)**

માનવીના જીવન ધોરણનું વિશ્લેષણ કરવા માટે આવક મહત્વનું સૂચક છે. આવક, શિક્ષણ, વ્યવસાય વગેરે સૂચકો એકબીજા સાથે સંબંધિત છે. માનવ વિકાસને પ્રોત્સાહિત કરતી બાબતો જેવી કે ખોરાક, સ્વાથ્ય, શિક્ષણ વગેરેને મેળવવા માટે આવક ઉપયોગી બને છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ ક્ષેત્રની આવક, જીલ્લા અને રાજ્યની આવક સાથે તુલના કરવામાં આવી છે. અહી અભ્યાસ ક્ષેત્રની સરેરાશ આવક રૂ.69494 છે, જયારે દાહોદ જીલ્લાની આવક રૂ.69501.12 અને ગુજરાત રાજ્યની સરેરાશ માથાદીઠ આવક રૂ. 87175 છે. અભ્યાસ ક્ષેત્રની આવક અને રાજ્ય તથા જીલ્લાની આવક કરતા ઓછી છે. અભ્યાસ ક્ષેત્રની આવક અને રાજ્યની આવક સાથે 17681રૂ.નો તફાવત છે. આદિવાસી વસ્તીની આવક અને સામાન્ય વસ્તીની આવક સાથે ઘણો તફાવત રહેલો છે.

*કોષ્ટક 4 આવક દર્શાવતુ કોષ્ટક*

| ક્રમ | સ્થળ | આવક (રૂ.) | ક્રમ | સ્થળ | આવક (રૂ.) |
|---|---|---|---|---|---|
| 1 | ટીમાચી | 90523 | 8 | ખરોડ | 62000 |
| 2 | શારદા | 71000 | 9 | છાપરી | 33000 |
| 3 | રળિયાતી ભૂરા | 91000 | 10 | ખરોદા | 90466 |
| 4 | આંબા | 90123 | 11 | દાદુર | 41000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | ચાકલીયા | 85478 | 12 | નેલસુર | 42000 |
| 6 | ખુટખેડા | 90321 | 13 | સીમલીયા બુઝૂર્ગ | 49000 |
| 7 | વાંદરીયા | 79000 | 14 | ઝરી બુઝુર્ગ | 58000 |
| સરેરાશ | 69494 | | | | |
| દાહોદ જીલ્લો | 69501.12 | | | | |
| ગુજરાત | 87175 | | | | |
| સ્રોત | Field work and Gujarat social development society 2014 | | | | |

**ઉપસંહાર**

ભારત સ્વતંત્ર થયા પછી ભારત અને રાજ્ય સરકાર દ્વારા સમાજના નબળા વર્ગોનો સામાજિક અને આર્થિક વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. તેમ છતાં આદિવાસી સમાજ અને વસ્તીના સામાન્ય પ્રવાહ સાથે આવક, શિક્ષણ અને વ્યવસાયની વિવિધતા વગેરેમાં જોઈએ તેટલો વિકાસ થયો નથી. અભ્યાસ ક્ષેત્ર આદિવાસી વસ્તીની સાક્ષરતા અને રાજ્યની સામાન્ય વસ્તી સાથે 15% નો તફાવત આવકની બાબતમાં રૂ.17618નો તફાવત છે. ગુજરાતની સામાન્ય વસ્તીનો મોટો ભાગ બિન ખેતીકીય પ્રવૃતિમાં રોકાયેલ છે, જ્યારે આદિવાસી વસ્તી ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ છે. જે પ્રાથમિક આર્થિક પ્રવૃત્તિ અંતર્ગત છે. આમ આદિવાસી વસ્તીનું સામાજિક આર્થિક સ્તર સુધારવા માટેની યોજનાઓ અને સહયોમાં સંશોધન કરવાની આવશ્યકતા છે.

**સંદર્ભો**

1. જીલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા 2001-2011
2. Convergence Model Ministry of Tribal Affairs Government of India
3. Website - Online library.Willey.com
4. Dr. Satyajeet. S - Evaluation of the composition of development assistance : A case study of tribal region in Gujarat – 2016
5. Vishwa Ballabh and Pooja Batra- Socio economic transformation of the tribals in Central India : Lessons and Experiences
6. ડો. મંજુલા બેન દવે – વસ્તી વિષયક ભૂગોળ – ગુજરાત યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
7. ડો. મંજુલા બેન દવે- ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ - ગુજરાત યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

અમદાવાદ.
8. Dr. Alka Gautam- Element of economic Geography- Sharda pustak bhavan Allahabad

| ક્રમ | વિસ્તાર | જન્મદર | મૃત્યુ દર | બાળ મૃત્યુ |
|---|---|---|---|---|
| 1 | અભ્યાસ ક્ષેત્ર | 54 | 32.6 | 10 |
| 1 | દાહોદ જીલ્લો | 28.2 | 2.5 | 66 |
| 2 | ગુજરાત | 20.3 | 6.7 | 41 |
| સ્રોત | ક્ષેત્ર કાર્ય અને અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક શ્રી ની કચેરી ગુ.રા. | | | |